Office of the Registrar
A.A.U., ANAND.
23 MAY 2019
INWARD NO. 4053

રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ
રાહત યોજના અંતર્ગત હવાઇ
મુસાફરીના દાવાઓની આકારણી
કરવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૨૦૧૩-૧૪૨૯૬૯-ચ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : 1 2019

વંચાણે લીધા: (૧) નાણા વિભાગનો તા. ૨૮/૮/૨૦૧૫ નો ઠરાવ ક્ર. મસભ-૧૦૨૦૧૩-૧૪૨૯૬૯ - ચ
(૨) નાણા વિભાગનો તા. ૨૨/૩/૨૦૧૬ નો ઠરાવ ક્ર. મસભ-૧૦૨૦૧૩-૧૪૨૯૬૯ - ચ

## // ઠરાવ //

(૧) રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજનાના અનુસંધાનમાં કર્મચારી/અધિકારી દ્વારા હવાઇ મુસાફરી કરવા અંગેના દાવા રજુ કરવાના સમયે, કર્મચારી/અધિકારી દ્વારા રજુ કરવામાં આવેલ હવાઇ મુસાફરી અંગેની ટીકીટ બાબતમાં, અમુક કિસ્સામાં ટ્રાવેલ એજન્ટ દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ ટીકીટ/ઇ-ટીકીટમાં દર્શાવેલ ભાડા અને એરલાઇન્સ દ્વારા ઓરીજીનલ ઇસ્યુ થતી ટીકીટના ભાડાની રકમમાં ઘણો મોટો તફાવત હોવાની બાબત રાજ્ય સરકારના ધ્યાન ઉપર આવેલ છે. આ તફાવતના કારણે રાજ્ય સરકારને વધુ નાણાકીય બોજ પડે છે.

(૨) રાજ્ય સરકારના કર્મચારી/અધિકારીઓના કિસ્સામાં રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજના અંતર્ગત ઉપર વંચાણમાં લીધેલ તા. ૨૮/૮/૨૦૧૫ ના ઠરાવથી સંકલીત સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે તથા તા. ૨૨/૩/૨૦૧૬ ના ઠરાવથી સુધારો બહાર પાડવામાં આવેલ છે. સદરહુ ઠરાવના અમલીકરણની વધુ સુગમતા તથા એકસુત્રતા જળવાય તે હેતુને ધ્યાને રાખી, રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજનાના અનુસંધાનમાં, કર્મચારી/અધિકારીઓ દ્વારા કરવામાં આવતી હવાઇ મુસાફરી બાબતમાં વધુ સ્પષ્ટતા કરતા જણાવવાનું કે, હવાઇ મુસાફરીના બીલોની મંજુરી સંદર્ભે સબંધીત એરલાઇન્સના બુકીંગ કાઉન્ટર/ઓફીસ/એરલાઇન્સની વેબસાઇટ પરથી ઇસ્યુ થતી ટીકીટોના દર મુજબનું ભાડુ ગણતરીમાં લેવાનું રહે છે અને તે મુજબ જ સબંધીત એરલાઇન્સના બુકીંગ કાઉન્ટર /ઓફીસ/એરલાઇન્સની વેબસાઇટ પરથી ઇસ્યુ થતી ટીકીટોના દર મુજબ, ટીકીટ દીઠ વસુલ

લેવામાં આવતા હવાઇ મુસાફરીના ભાડાની રકમની મર્યાદામાં દાવો મળવાપાત્ર રહેશે. રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજનાનો લાભ લેનાર સબંધિત કર્મચારી/અધિકારીએ, કરવામાં આવેલ હવાઇ મુસાફરીના દાવાની આકારણીના સમયે સબંધીત એરલાઇન્સના બુકીંગ કાઉન્ટર/ઓફીસ/એરલાઇન્સની વેબસાઇટ પરથી ઇસ્યુ થતી ટીકીટોના દરની આધારભુત વિગતો બીલ સાથે રજુ કરવાની રહેશે.

(૩) વેબસાઇટ/એરલાઇન્સની સાઇટ પર દર્શાવેલ ભાડા ઉપરાંત પ્રત્યેક ટીકીટ દીઠ બુકીંગ ચાર્જ વધુમાં વધુ રૂ. ૨૦૦/- અથવા ટ્રાવેલ એજન્સીનો બુકીંગ ચાર્જ એ બે પૈકી જે ઓછુ હશે તે, ટ્રાવેલ એજન્સી પાસેથી કરવામાં આવેલ ટીકીટની ખરીદીના કિસ્સામાં અથવા ઓનલાઇન ખરીદીના કિસ્સામાં મંજુર કરી શકાશે.

(૪) હાલમાં તિજોરી કચેરી ખાતે પડતર હોય તેવા તમામ કેસોનો પણ આ સુચના મુજબ અમલ કરવાનો રહેશે.

(૫) હવાઇ મુસાફરીના દાવાની આકારણી બાબતમાં, ખોટા દાવા રજુ કરવાના કિસ્સામાં વંચાણમાં લીધેલ તા. ૨૮/૮/૨૦૧૫ ના ઠરાવના પારા ૧૩.૦ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શૈલેષ વિ. પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

નકલ રવાના પ્રતિ-:

- માન .રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન .મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન .મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન .વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુક્ત કચેરી, લોકાયુક્ત ભવન, ગાંધીનગર..
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર..

- અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો/સર્વે ખાતાના વડાઓ
એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧, ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી)એ.એન્ડ ઇ(., ગુજરાત, પો.બો. નં. ૨૨૦, રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
સ્થાનિક ભંડોળ હિસાબ, ડી. એ. ટી.ગાંધીનગર /સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.
તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.
સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ .....વેબસાઇટ ઉપર મુકવા સારૂ.
સિલેક્ટ ફાઇલ

- પત્ર દ્વારા

---

**આણંદ કૃષિ યુનિવર્સિટી,**
**આણંદ**

**રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજના**
**અંતર્ગત હવાઈ મુસાફરીના દાવાઓની**
**આકારણી કરવા બાબત..**

**<u>નકલ સવિનય રવાના જાણ તથા અમલ થવા સારૂ.</u>**

(૧) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ. આણંદ તરફ જાણ સારૂ.
(૨) હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદ
(૩) યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ.

**નં. આકૃયુ/રજિ/સંકલન/ ૩૮૨૭ /૨૦૧૯**
**તા. ૨૯/૦૫/૨૦૧૯**

(signature)
**કુલસચિવ**

**નકલ રવાનાઃ**

(૧) કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ.
(૨) આ કચેરીની તમામ શાખાઓ તરફ.